જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૧૧/૨૦૧૬ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૬૧/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી ૨૮૩ લીટર દેશી દારૂ, ૧૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૦૫ બિયર ટીન અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા મુજબ ૦૨ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૧,૭૮૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૬૨/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડી અને વિશ્વાસઘાત :- સમાચાર યાદી નં.૨૧૬૩/૧૬

**શાહીબાગ** : કેશરબેન રમેશભાઇ પરમાર (ઉ.વ.૬૨)(રહે,બી કોલોની પાસે શાહીબાગ) એ તા.૨૨/૧૧/૧૬ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૭/૧૫ થી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) યુસુફભાઇ ઉર્ફે ચીકુભાઇ મનસુરી (ઉ.વ.૫૮) (૨)મોહંમદ યુસુફભાઇ ઉર્ફે ચીકુભાઇ મનસુરી (ઉ.વ.૨૪)(બંને રહે, ગરીબ આવાસ યોજના વટવા) (૩)વિનુભાઇ શંકરભાઇ વાઘેલા (ઉ.વ.૫૫) (૪) મંજુલાબેન W/O વિનુભાઇ વાઘેલા (ઉ.વ.૫૦)(બંને રહે, સિવિલ હોસ્પી કંમ્પાઉન્ડ, ડેન્ટલ હોસ્પીટલ સામે ફુટપાથ પર, શાહીબાગ) એ ભેગામળી કેશરબેનને વિશ્વાસમાં લઇ, ગરીબ આવાસ યોજનામાં સસ્તી કિંમતના મકાન અપાવવાની લાલચ આપી, ટુકડે-ટુકડે કુલ રૂપિયા ૧,૧૮,૦૦૦/- મેળવી, મકાન નહીં આપી કેશરબેન સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ શ્રી એમ.એ.પટેલ ચલાવે છે.

**વેજલપુરઃ** કરણભાઇ ભરતભાઇ શાહ (રહે. આનદધામ ફ્લેટ મેહતા સ્વિટ માર્ટની પાછળ વાસણા) એ તા.૨૨/૧૧/૧૬ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી અનીલભાઇ ઠાકુરલાલ શાહ (રહે. કૃષ્ણકુંજ સોસાયટી ભૈરવનાથ રોડ મણીનગર) એ તા.૧/૮/૧૬ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન ASHWA INFRA CON PVT LTD ના પ્લોટની સ્કીમ બનાવી કરણભાઇ શાહને લોન કરી આપવાની લાલચ આપી, લોન પ્રોસેસીંગ ફી પેટેના રૂપિયા ૯૧,૦૦૦/- કરણભાઇ શાહ પાસેથી મેળવી લઇ, લોન નહિ આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ શ્રી વી.એમ.દેસાઇ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**લુંટ ની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૨૧૬૪/૧૬**

**શાહીબાગ** : હંસાબેન વા/ઓ સુરેશભાઇ શાહ (ઉ.વ.૭૩)(રહે,ગીરધરનગર સોસાયટી, ગીરધરનગર શાહીબાગ) એ તા.૨૨/૧૧/૧૬ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૧૧/૧૬ નાં કલાક ૬/૩૦ વાગ્યાનાં સુમારે એક પુરૂષ (૧૮ થી ૨૦ વર્ષના આશરાનો) હંસાબેનનાં ઘરમાં પ્રવેશ કરી, ચાકુ બતાવી ઝપાઝપી કરી, હંસાબેનનાં ગળામાં પહેરેલ સોનાનો દોરો કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એલ.ચૌહાણ ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૧૬૫/૧૬**

**ગુજરાત યુનિવર્સિટીઃ** બોસ્કી વા\ઓ ફોરમ ઉપાધ્યાય (રહે. રાવજીભાઇ ફલેટ પલ્લવી ટાવર સામે નવરંગપુરા) એ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૧/૧૬ બપોરના ૩/૩૦ થી સાંજના ૫/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ઘરમાંથી રૂપિયા ૨૩,૨૦૦/- અને મોબાઈલ ફોન કિમત રૂપિયા ૨૩,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૬,૨૦૦/- મતા સાથેનુ પર્સ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે આર ભાચકન ચલાવે છે.

**રામોલ** : શંકરભાઈ બિરાદર યાદવ (ઉ.વ.૨૯)(રહે, માનસરોવર સોસાયટી, અર્પણ સ્કુલ પાસે વસ્ત્રાલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૧૧/૧૬ ના કલાક ૧૦/૩૦ થી ૧૦/૪૫ વાગ્યા દરમ્યાન સી.ટી.એમ. ખાતે આવેલ બેંક ઓફ ઈન્ડીયાની શાખામાં રૂપીયા ૪૯,૦૦૦/- ભરવા ગયેલ. જે તમામ ૫૦૦ ના દરની નોટો એક જ થપ્પીમાં હતી. જે પૈસા ભરવાની સ્લીપ ભરતા હતા દરમ્યાન કોઇ અજાણી વ્યક્તિ શંકરભાઇની નજર ચુકવી બાજુમાં ટેબલ ઉપર મુકેલ રૂપિયા ૪૯,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી બાબુભાઈ વરવાભાઈ ચલાવે છે.

**સેટેલાઇટઃ** હર્ષિત ચંપકલાલ ભટ્ટ (ઉ.વ.૪૮) (રહે. સેકટર-૭ બી ગાંધીનગર) તા.૨૨/૧૧/૧૬ કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે સેટેલાઇટ સત્યમ મોલની પાછળ આવેલ જશવંત સોસાયટી નજીકથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ હર્ષિત ભટ્ટની એક્ટીવા નજીક આવી હર્ષિત ભટ્ટના બે પગ વચ્ચે રાખેલ બેગ કે જેમાં જુની-૫૦૦ અને ૧૦૦૦/- ના દરની રૂપિયા ૨૦,૦૦૦/- નાં દરની નોટો તથા બેન્કમાંથી ઉપાડેલ રોકડ રૂપીયા ૨૪,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૪,૦૦૦/- તથા ત્રણ પાસપોર્ટ અને ૧૫ ચેકબુક ભરેલ થેલાની હર્ષિતભાઇની નજર ચુકવી ચોરી કરી લઇ ગયા છે. આ અંગેની ફરીયાદ હર્ષિતભાઇ ભટ્ટે સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી પ્રવિણસિંહ બાલસિંહ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ચાંદખેડા** : મિતલબેન D/O મુકેશભાઈ દવે (ઉ.વ.૧૯)(રહે,માધવ ટેનામેન્ટ આઈ.ઓ.સી રોડ ચાંદખેડા) એ અભ્યાસના કારણે સતત ટેંન્સનમાં રહેતા, તા.૨૨/૧૧/૧૬ ના કલાક ૭/૨૦ થી ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પોતાની જાત ઉપર કેરોસીન છાંટી સળગી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.વાઢેર ચલાવે છે.

**સોલા હાઈકોર્ટઃ** નીકીતાબહેન વા/ઓ રીકેનભાઈ પ્રજાપતી (ઉ.વ.૩૩) (રહે. શુકન સ્ટેટસ વંદેમાતરમ ચોકડી પાસે ક્રીષ્ના ફાર્મની સામે ન્યુ એસ.જી.હાઈવે ગોતા) એ અગમ્ય કારણસર તા.૨૨/૧૧/૧૬ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમણજી ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)